GJVD040042782022

<u>આંક–૧ ની અરજી લગત હુકમ.</u>

(૧) અરજી વંચાણે લીધી. અરજદારના વિ.વકીલશ્રીને સાંભળ્યા.

(૨) આ કામમાં પાદરા પો.સ્ટેશન ૧૧૧૯૭૦૩૪૨૨૧૭૫૧/૨૦૨૨ ના કામે જુગારધારાની કલમ: ૧૨(અ) મુજબના ગુનાના કામે અરજદારનો વીવો કંપનીનો વાય.એ.જે.આઈ.(VIVO YAJI) મોબાઈલ કબજે કરવામાં આવેલ છે અને સદરહુ મુદ્દામાલ મોબાઈલ વચગાળાની કસ્ટડીથી પરત મેળવવા સારૂ અરજી રજુ થતાં તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય, મુદ્દામાલ કબજે કરેલાનાં પંચનામાની તથા મુદ્દામાલ પાવતી મંગાવવામાં આવતાં હુકમ મુજબ તપાસ કરનાર અમલદારે પોતાનો અભિપ્રાય તથા તે સાથે મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ તથા મુદ્દામાલ પાવતી ની નકલ રજુ કરેલ છે.

(૩) આ કામમાં અરજીની હકીકત, પક્ષકારની રજુઆત અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં, જુગારધારાની કલમ: ૧૨(અ) મુજબના ગુનાના કામે અરજદારનો મુદ્દામાલ વીવો કંપનીનો **વાય.એ.જે.આઈ.(VIVO YAJI મોબાઈલ જેનો IMEI NO. 86000905676452** કબજે કરવામાં આવેલ છે. આ કામે નિ.૩/૧ થી અરજદારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. તથા માર્ક ૩/૨ થી મુદ્દામાલ મોબાઈલ અખરીદ કર્યાના બીલની ઝેરોક્ષ નકલ તથા માર્ક ૩/૩ થી એફ.આઈ.આર.ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. માર્ક ૩/૨ થી રજુ થયેલ મુદ્દામાલ મોબાઈલ ખરીદ કર્યાના બીલની ઝેરોક્ષ નકલ વંચાણે લેતા સદર મોબાઈલ અરજદારે તલક ટાઈમ માંથી તા.૦૯.૧૦..૨૦૨૦ ના રોજ ખરીદ કરેલ હોવાનું જણાય આવે છે. અરજદારે રજુ કરેલ મુદ્દામાલ મોબાઈલ ખરીદ કર્યાના બીલમાં દર્શાવેલ IMEI NO. ની ચકાસણી સામેલ મુદ્દામાલ પાવતી અને પંચનામામાં દર્શાવેલ મોબાઈલના IMEI NO. સાથે કરતા સરખા હોવાનું જણાય આવે છે.જેથી સદર મોબાઈલ હાલના અરજદારની માલિકી કબજા ભોગવટાનો હોવાનું અને અરજદાર તેના માલિક હોવાનું હાલના તબકકે પ્રથમ દર્શનિય રીતે જણાય આવે છે. આ કામે ત.ક.અ.શ્રીના અભિપાય સાથે રજુ મુદ્દામાલ રીકવરી પંચનામું વંચાણે લેતાં સદર મુદ્દામાલ વીવો કંપનીનો મોબાઈલ આરોપી આરીફ અહેમદ ખોખર પાસેથી પોલીસે કબજે કરેલ હોવાનું જણાય આવે છે આ કામના આરોપી આરીફ અહેમદ ખોખરનાઓએ નો કલેઈમ પુરશીસ રજુ કરી સદર મુદ્દામાલ હાલના અરજદારને આપવામાં આવે તો વાંધો નથી તેવું જાહેર કરેલ છે. તેમજ હાલના તબકકે કબજે કરેલ મુદ્દામાલની માલિકી અંગે આજદિન સુધી અન્ય કોઈ વ્યકિત ધ્વારા કોઈ કલેઈમ રજુ કરવામાં આવેલ નથી. તેમજ આંક:૦૪ થી તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લેતાં, કબજે થયેલ મુદ્દામાલ મોબાઈલ અરજદારને પરત નહી સોંપવા જણાવેલ છે.

(૪) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ છે અને તેની યોગ્ય સ્થિતિમાં જાળવણી કરવામાં ન આવે તો મોબાઈલમાં ખરાબી ઉભી થતી હોય છે. હાલના કામે સદર મુદ્દામાલ મોબાઈલની યોગ્ય સાચવણી માટે કોઈ વ્યવસ્થા કરેલ હોય કે તે મુજબની વ્યવસ્થા હોય તેવી કોઈ હકીકત તપાસ કરનાર અમલદારે પોતાના અભિપ્રાયમાં સ્પષ્ટ પણે જણાવેલ નથી. વધુમાં સદર મુદ્દામાલ વચગાળાની કસ્ટડીથી પરત સોંપવામાં આવે છે. જેથી કરીને કસ્ટડી બાબતે કોઈ આખરી નિર્ણય કરવામાં આવતો નથી. આમ, ગુનાની ઈન્સાફી કાર્યવાહીમાં કે કાર્યવાહીના અંતે જો મુદ્દામાલ મોબાઈલની જરૂર પડે તો સદર મોબાઈલ વચગાળાની કસ્ટડીથી શરતોને આધીન સોંપેલ હોય, પરત મંગાવવાનો હુકમ પણ ફરમાવી શકાય તેમ છે.

(૫) વધુમાં, આ કામે સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩(૧)GLH પાન નંબર ૩૦૭ માં નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે,C R P C ની કલમ ૪૫૧ મુજબ ન્યાયિક રીતે અને ઝડપથી અમલ કરવા ઉપર ભાર મુકેલ છે જેથી પોલીસ સ્ટેશનમાં રાખી મુકેલ મુદ્દામાલનો બને તે રીતે ત્વરીત નિકાલ કરવો જોઈએ. આમ આ કામમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ઈલેકટ્રોનિક સાધન છે અને રોજીંદા વપરાશનુ સાધન છે. જેથી લાંબો સમય સુધી પોલીસ સ્ટેશનમાં રાખી મુકવામાં આવે તો તેમા યાંત્રિક ખામી ઉદભવે તેમ છે. જેથી અરજદારને આર્થિક નુકશાન થાય તેમ છે. આમ, મુદ્દામાલ મોબાઈલ અરજદારના રોજીંદા વપરાશનું સાધન છે. જેથી સદરહુ મુદ્દામાલ મોબાઈલ અરજદારને પરત આપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ અત્રેની અદાલતનુ માનવુ છે. આમ, આ તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને લેતાં, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>-:: હુ ક મ ::-</u>

અરજદારની અરજી CRPC ની કલમ ૪૫૧ હેઠળ નીચેની શરતોએ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે અને અરજદારનો કબજે થયેલ મુદ્દામાલ **વાય.એ.જે.આઈ.(VIVO YAJI મોબાઈલ જેનો IMEI NO. 86000905676452** છે તે અરજદાર **મલેક અલતાફભાઈ અહેમદભાઈ** નાઓએ મુદ્દામાલ પંચનામું તથા મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મોબાઈલની કિં.રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ની દોઢી કિંમતના બોન્ડ પાદરા પો.સ્ટે. માં આપેથી સદર મુદ્દામાલ મોબાઈલ ન્યાય સહાયક વિજ્ઞાન સહાયક પ્રયોગશાળા ગાંધીનગર ખાતેથી પૃથકરણ થઈને પરત આવ્યા બાદ વચગાળાની કસ્ટડીથી પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

<u>શરતો ::-</u>

(૧) અરજદારે મુદ્દામાલ મોબાઈલ આ કેસના આખરી નિકાલ થતાં સુધી કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે તબદીલ કે હસ્તાતંર કરવો કરાવવો નહી.

(૨) અરજદારે મુદ્દામાલ મોબાઈલનો કોઈ ગુનાહિત પ્રવૃતિમાં ઉપયોગ કરવો કરાવવો નહી

(૩) અરજદારે મુદ્દામાલ મોબાઈલ નામદાર કોર્ટ જયારે ફરમાવે ત્યારે પોતાના સ્વખર્ચે રજુ કરવો.

(૪) અરજદારે મુદ્દામાલ મોબાઈલનો કબજો મેળવતા પહેલા તેની ચારે બાજુ આવે તેવા ચાર ફોટા તપાસ કરનાર અમલદાર સમક્ષ રજુ કરવા.

– હુકમ મુજબ જામીન પાદરા પોલીસ સ્ટેશનમાં આપવા. તેમજ તપાસ કરનાર અમલદારે આ કામના અરજદારના ઓળખ અંગેના પુરાવવા મેળવવા.

– હુકમ મુજબ યાદી કરવી.

આ હુકમ આજરોજ તારીખ નવમી, માહે જાન્યુઆરી, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૦૯/૦ ૧/૨૦૨૩

પાદરા.

IGS

**(ગણપતસિંહ પર્વતસિંહ સોઢાપરમાર)**

એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,પાદરા.

કોડ નં.જી.જે.૦૦૯૨૩.